જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા..૫/૧૦/૨૦૧૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૦૦૦/૧૫

## "માદક પદાર્થ એવા અફીણની હેરાફેરી તથા વેચાણ કરતા બે ઇસમોને પકડી પાડતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ.

અમદાવાદ શહેરમાં ચોરીછુપીથી ચાલતા ડ્રગ્સ તેમજ માદક પદાર્થોના કાળા કારોબારને નેસ્તોનાબુદ કરવા સબંધે મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓએ આપેલ સુચના અન્વયે આવા કેસો શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવા સારું આપેલ નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ આપેલ માર્ગદર્શન અને સુચના મુજબ પોલીસ ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી તથા ટીમના પોલીસ સબ ઇન્સ.શ્રી સી.બી.ચૌધરી નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમાં ઝોન ૫ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અનાર્મ હે.કો.ઘનશ્યામભાઇ હરસુરભાઇ નાઓને ચોકકસ બાતમી મળેલ કે બે રાજસ્થાની માણસો નામે શેતાનરામ તથા કાળુરામ નાઓ રાજસ્થાનથી અફીણ જેવી નશાકારક પ્રતિબંધીત વસ્તુ લાવી આદીનાથનગર ઓઢવ વિસ્તારમાં છુટક વેચાણ કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરે છે.અને આવી નશાકારક વસ્તુની આદતે કેટલાય લોકોના ઘરના ઘર બરબાદ થાય તેવી પ્રવૃતિ કરી રહેલ છે.તેવી હકિકત પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી સા.નાઓને જણાવતા, પો.ઇન્સ.શ્રી ચૌધરી સા.એ મ.પો.કમિ.શ્રી, ક્રાઇમ ના માર્ગદર્શન હેઠળ સદર પ્રવૃતિને સદંતર નેસ્તનાબુદ કરવા માટે કાયદેસરની કાર્યવાહી કરતા સદર જગ્યાએ જઇ રેઇડ કરતા જગ્યા ઉપરથી (૧) કાળુરામ ભંવરલાલ બિશ્નોઇ ઉવ.૩૫ રહે.એફ/૪૦૨, પુષ્પક રેસીડેન્સી, આદિનાથનગર, ગુરુદ્વારા સામે, ઓઢવ, અમદાવાદ શહેર.મુળ વતન ગામ કરડા, પોસ્ટ/પો.સ્ટે.કરડા, તા.રાણીવાડા, જી.ઝાલોર રાજસ્થાન તથા (૨) શેતાનરામ સુખરામ બિશ્નોઇ ઉવ.૩૦ રહે.ઇ/૪૦૧, પુષ્પક રેસીડેન્સી, આદિનાથનગર, ગુરુદ્વારા સામે, ઓઢવ, અમદાવાદ શહેર.મુળ વતન ગામ કરડા, પોસ્ટ/પો.સ્ટે.કરડા, તા.રાણીવાડા, જી.ઝાલોર રાજસ્થાન નાઓને મકાન નં.ઇ/૪૦૧, પુષ્પક રેસીડેન્સી, આદિનાથનગર, ગુરુદ્વારા સામે, ઓઢવ, અમદાવાદ શહેર ખાતે જઇ ચેક કરતા તેઓ પાસેથી અફીણ જેવી નશાકારક વસ્તુ તેઓના કબ્જામાંથી મળી આવેલ.જે બાબતે પ્રાથમીક પુછપરછ કરતા તેઓ આ વસ્તુ રાજસ્થાનથી લાવેલ હોવાનું અને તેનું છુટક વેચાણ કરી નાણાં કમાવવાના હેતુથી અહીં આવેલ હોવાનું જણાવતો હોય અને બેત્રણ માસથી ચોરીછુપીથી આ પ્રવૃતિ કરતો હોવાનું જણાવે છે.

સદર બન્ને આરોપીઓના કબ્જામાંથી ૧ કિલો ૧૨૮ ગ્રામ અફીણ મળી આવેલ.જેની બજાર કિંમત આશરે રુ.૧,૧૨,૮૦૦.૦૦ થવા જાય છે.તેમજ રોકડ નાણાં રુ.૨૬૦૦.૦૦ તથા મો.ફોન નંગ ૨ કિં.રુ.૧૫૦૦.૦૦ તથા સ્ટીલનો ડબ્બો કિં.રુ.૧૦૦.૦૦ તથા પ્લાસ્ટીકની પારદર્શક થેલીઓ નંગ ૮૪ કિં.રુ.૦૦.૦૦ ગણી કુલ્લે રુ.૧,૧૭,૦૦૦.૦૦ ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી લઇ સદરી જથ્થાનું એફએસએલ મારફતે પરિક્ષણ કરાવી અહેવાલ અભિપ્રાય મેળવતા અફીણ હોવાનો સ્પષ્ટ અભિપ્રાય આપતા ડીસીબી પોલીસ સ્ટેશન પ્રોહિ.ગુ.ર.નં.૫૦૫૨/૨૦૧૫ એન.ડી.પી.એસ.એક્ટ કલમ ૮સી, ૨૦બી, ૨૯, મુજબનો ગુનામાં તા.૩.૧૦.૨૦૧૫ નારોજ દાખલ કરાવવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)